## સંક્ષિપ્ત સમાચાર

### બારડોલીમાં વૃદ્ધાના દાગીનાની લૂંટ કરનાર એક શંકાસ્પદ ઝડપાયો

બારડોલી: બારડોલીના સ્ટેશન રોડ પર ગત ૮ જૂને રિક્ષા ગેંગ દ્વારા એક વૃદ્ધાને વાતોમાં ભોળવી ૧.૨૦ લાખના સોનાના દાગીના લૂંટી લેવાની ઘટના સામે આવી છે. ત્રણ ગઠિયાએ કમળાબેન નામના વૃદ્ધાને રિક્ષામાં બેસાડી, અંદર-બહાર ખસવાનું કહી નજર ચૂકવી હતી. ત્યારબાદ કટરથી સવા તોલાની સોનાની બંગડી કાપી અને ગળામાંથી બે તોલાની ચેન આંચકી તેઓ ફરાર થઈ ગયા હતા. બનાવના એક મહિના બાદ ૧૦ જુલાઈએ બારડોલી ટાઉન પોલીસ મથકે ગુનો નોંધાતાં પોલીસે તપાસ તેજ કરી છે. પીએસઆઈ ડી.કે.ચૌધરીના જણાવ્યા મુજબ હાલ એક શંકાસ્પદ ઇસમને ઝડપી તેની સઘન પૂછપરછ હાથ ધરાઈ છે.

### પલસાણાના એના ગામમાં યુવાને ફાંસો ખાધો

પલસાણા: એના ગામની સીમમાં આવેલ બ્લોક નં.૧૭૭ની જમીન પરની બંગલીના ધાબા પર લોખંડની એંગલ સાથે ઓઢણી વડે ફાંસો ખાઈને એક યુવાને આપઘાત કરી લીધો હતો. મૃતક યુવાનની ઓળખ અજય હળપતિ (ઉં.વ.૩૨) (રહે., વંઝોળિયા ગામ, ટેકરા ફળિયું) તરીકે થઈ છે, જે મજૂરી કામ કરતો હતો. આ ઘટના અંગેની જાણ મુકેશભાઈ ભીખાભાઈ રાઠોડ દ્વારા પલસાણા પોલીસ સ્ટેશનમાં કરવામાં આવી હતી. પલસાણા પોલીસે આ મામલે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

### કામરેજના નવાગામ પાસે ચોરી કરેલા લોખંડના સળિયા લેનારો ભંગારિયો પકડાયો

કામરેજ: કામરેજના નવાગામ સ્થિત 'ભાગવત પેરેડાઈઝ' કન્ટ્રક્શન સાઇટ પરથી બાઇક પર આવેલા ચાર અજ્ઞાત ઈસમ ૧૫,૦૦૦ની કિંમતના ૩૫૦ કિલો લોખંડના સળિયા અને સકંજાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. સાઇટ સંચાલક સમીર દુધાતે આ અંગે કામરેજ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ત્વરિત કાર્યવાહી હાથ ધરી ચોરીનો મુદ્દામાલ ખરીદનાર, વાવ આર.કે.કોલોનીના ૨૨ વર્ષીય ઝુબેર યુસુફ શેખને મુદ્દામાલ સાથે ઝડપી પાડી આગળની તપાસ શરૂ કરી છે.

### પીપોદરા જીઆઈડીસીમાંથી યુવાનની લાશ મળી

હથોડા: પીપોદરા જીઆઇડીસી ખાતે આવેલી ક્રિસ્ટલ કોટ કંપનીની બાજુમાં આવેલા પડતર રૂમમાંથી અગમ્ય કારણસર મરણ ગયેલા 45થી 50 વર્ષના અજાણ્યા યુવાનની ડીકમ્પોઝ હાલતમાં લાશ મળી આવી હતી. આ મામલે પાલોદ પોલીસ મથકના પીએસઆઇ એસ.ડી.ગોવાળિયાએ વધુ તપાસ હાથ ધરી છે.

### સોનગઢ સરકારી આર્ટ્સ અને કોમર્સ કોલેજ ખાતે કાર્યક્રમ યોજાયો

સોનગઢ: સરકારી આર્ટ્સ અને કોમર્સ કોલેજ, ફોર્ટ-સોનગઢ ખાતે તાજેતરમાં આચાર્યના માર્ગદર્શન અને IQACના ઉપક્રમે સરકારી આર્ટ્સ અને કોમર્સ કોલેજ, નિઝરના અધ્યાપકો માટે 'Faculty Curriculum Orientation' મુલાકાતનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ મુલાકાતનો મુખ્ય હેતુ બંને સંસ્થાઓ વચ્ચે શૈક્ષણિક જ્ઞાનનું આદાન-પ્રદાન અને શ્રેષ્ઠ શૈક્ષણિક પદ્ધતિઓ વિશે ચર્ચા કરવાનો હતો. મુલાકાતી ટીમને કોલેજની વિવિધ સુવિધાઓ જેવી કે સ્માર્ટ ક્લાસરૂમ, સુસજ્જ લાઈબ્રેરી, કોમ્પ્યુટર લેબ અને રમતગમત વિભાગની મુલાકાત કરાવી વિગતવાર માહિતી આપવામાં આવી હતી.

### તાતીથૈયામાંથી બાઇક ચોર ઝડપાયો

પલસાણા: સુરત ગ્રામ્યની કડોદરા GIDC પોલીસે ચોક્કસ બાતમીના આધારે તાતીથૈયા ગામની હદમાંથી મોટરસાઇકલ ચોર આકાશ અમરનાથ ગોકુલપ્રસાદ તિવારી (હાલ રહે., મણીનગર, ધનાભાઇની બિલ્ડિંગમાં પહેલા માળે, રૂમ નં.૫,કડોદરા, મૂળ ઉત્તર પ્રદેશ)ને ઝડપી પાડ્યો છે. પોલીસ તપાસમાં આરોપી પાસેથી ચોરીની સફેદ રોયલ એનફિલ્ડ બાઇક અને એક ટેકનો કંપનીનો મોબાઇલ ફોન મળી આવ્યો છે. પોલીસે કુલ ૯૦,૦૦૦નો મુદ્દામાલ કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### પલસાણામાં ૧૯ વર્ષીય યુવતી ગુમ

પલસાણા: પલસાણાના પટેલ ફળિયા વિસ્તારમાં રહેતી ૧૯ વર્ષીય યુવતી વિશ્વા ગત તા.૮/૭/૨૦૨૬ની રાત્રિના સુમારે કોઈને કંઈ પણ કહ્યા વગર રહસ્યમય સંજોગોમાં ઘરેથી નીકળી ગઈ હતી. આ અંગે પરિવારજનો દ્વારા પલસાણા પોલીસ સ્ટેશનમાં જાણવા જોગ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

### અંકલેશ્વરના સારંગપુરમાં મોબાઇલ ટાવરના બેટરી બેન્કના 16 સેલની ચોરી

અંકલેશ્વર: અંકલેશ્વરના સારંગપુર ગામ નજીક આવેલી મીરાનગરમાં મોબાઇલ ટાવરને નિશાન બનાવી અજાણ્યા તસ્કરોએ બેટરી બેન્કના 16 સેલની ચોરી કરતાં રૂ.96 હજારનું નુકસાન થયું છે. આ બનાવ અંગે જીઆઇડીસી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ સારંગપુર ગામ પાસે દુર્ગા માતાજી મંદિર પાછળ આવેલા એલવેર ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર કંપનીના મોબાઇલ ટાવરને તસ્કરોએ નિશાન બનાવ્યો હતો. તસ્કરો ટાવરના કેબિનેટના દરવાજાનું તાળું તોડી અંદર રહેલા બેટરી બેન્કના કુલ ૧૬ સેલની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. ચોરીની જાણ થતાં કંપનીના પ્રતિનિધિઓએ જીઆઇડીસી પોલીસને જાણ કરી હતી. પોલીસનો કાફલો સ્થળ પર પહોંચી તપાસ શરૂ કરી હતી. પ્રાથમિક તપાસમાં ચોરાયેલા 16 સેલની કિંમત અંદાજે રૂ.96 હજાર હોવાનું સામે આવ્યું છે. જીઆઇડીસી પોલીસે અજાણ્યા શખ્સો સામે ચોરીનો ગુનો નોંધી આસપાસનાં સીસીટીવી ફૂટેજ, ટેક્નિકલ પુરાવા અને અન્ય આધારોના આધારે તસ્કરો સુધી પહોંચવા તપાસ હાથ ધરી છે.

# કામરેજ તાપી તટે પ્રોટેક્શન વોલ બનશે

**કામરેજના** ધારાસભ્ય અને આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરિયાએ સ્થળ મુલાકાત લીધી



વિશાલ પટેલ

કામરેજ: કામરેજ ગામના તાપી નદી કિનારે આવેલા માછીવાડામાં સતત માટીના ધોવાણને કારણે 200થી વધુ પરિવારોનાં મકાનો પર જીવલેણ સંકટના લઈને શનિવારના રોજ કામરેજના ધારાસભ્ય એવા રાજ્યના આરોગ્ય મંત્રીએ સ્થળની મુલાકાત લઈ અંદાજે 10 કરોડના ખર્ચે 300 મીટર લાંબી પ્રોટેક્શન દીવાલ બનાવવામાં આવશે એવું જણાવ્યું હતું.

કામરેજ તાલુકાના મુખ્ય ગામ એવા કામરેજના તાપી નદી કિનારે આવેલી જમીન ધસી રહી છે અને ભૂસ્ખલનની ઘટનાઓ સતત વધી રહી છે. ખાસ કરીને કામરેજના માછીવાડા વિસ્તારમાં છેલ્લા લગભગ બે દાયકાથી વસવાટ કરતા પરિવારો માટે આ સમસ્યા જીવલેણ બની ગઈ છે. વરસાદી પાણી અને નદીના જોરદાર પ્રવાહના કારણે ફળિયાની જમીન ધીમે-ધીમે ધોવાઈ રહી છે. હાલ આશરે 200થી વધુ પરિવારોના મકાનો જોખમની ઝપેટમાં આવી ગયા છે. જો આગામી દિવસોમાં વધુ વરસાદ કે નદીમાં પાણીની આવક વધશે તો અનેક મકાનો ધરાશાયી થઈ શકે છે. જેને લઈ છેલ્લા બે દિવસથી વહીવટી તંત્ર દોડતું થઈ ગયું હતું. શુક્રવારના મામલતદાર, પાળા વિભાગ સહિતના અધિકારીઓએ દોડી આવી સ્થાનિક લોકોને મળી સમસ્યા બાબતે વાતચીત કરી હતી. શનિવારે કામરેજના ધારાસભ્ય એવા આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરિયા તેમજ જિલ્લા પંચાયતના પ્રમુખ સમીર મોદીએ પણ આવીને અસરગ્રસ્ત ગામના લોકો સાથે મુલાકાત કરી હતી.

મંત્રી પ્રફુલ પાનશેરિયાએ જણાવ્યું હતું કે, નદી કિનારે ખૂબ જ ધોવાણ થઈ ચૂક્યું છે. મકાનો એકદમ કિનારા પર આવી ગયા છે. ભવિષ્યમાં જાનહાનિ થવાની પૂરેપૂરી શક્યતા હોવાથી પથ્થરની 300 મીટર પ્રોટેક્શન દીવાલ બનાવવા માટે સિંચાઈ વિભાગના અધિકારી સાથે આવ્યા છીએ. દીવાલ બનાવવાનું કાલથી જ શરૂ કરવામાં આવશે અને યુદ્ધના ધોરણે કામ પૂર્ણ કરવામાં આવશે. અબ્રામા તેમજ ખોલેશ્વર, ધોરણપારડી, કઠોર સહિતનાં ગામોમાં પણ નદી કિનારે માટીનું ધોવાણ થઈ રહ્યું છે, જેમાં અબ્રામામાં પણ દીવાલ બનાવવા માટેનું પ્લાનિંગ કરવામાં આવી રહ્યું છે.

# જલેબી હનુમાન મંદિરે દર્શને જતા સુરતના 7 જણાને અકસ્માત

**બોલાવ** ગામ નજીક સાઇકલચાલકને બચાવવા જતાં કાર ડિવાઇડર સાથે અથડાઈ

**કારને** ભારે નુકસાન, છતાં તમામ સુરક્ષિત





કિરણ ઢોડિયા

કીમ: ઓલપાડના બોલાવ ગામ નજીક શનિવારે સવારે અકસ્માત સર્જાયો હતો. સુરતથી જલેબી હનુમાનજી દાદાના દર્શનાર્થે નીકળેલા સાત ભાવિકો મારુતિ સુઝુકી અર્ટિગા કાર નં.(GJ-05-CW-8944)માં મુસાફરી કરી રહ્યા હતા. દરમિયાન અચાનક ડિવાઈડર ક્રોસ કરી રહેલા સાઈકલચાલકને બચાવવાના પ્રયાસમાં કારચાલકે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવતાં કાર ડિવાઈડર સાથે ધડાકાભેર અથડાઈ હતી.

આ અકસ્માતમાં કારનો આગળનો ભાગ સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ ગયો હતો અને આગળનું એક ટાયર પણ છૂટું પડી ગયું હતું. અને ત્રણ ટાયર ફાટી ગયાં હતાં અને અકસ્માતના અવાજને પગલે આસપાસના લોકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા. સદનસીબે કારમાં સવાર તમામ સાતેય ભાવિકોનો આબાદ બચાવ થયો હતો. પ્રાથમિક માહિતી મુજબ તમામ ભાવિકો સુરતના વેસુના રહેવાસી છે અને શનિવારના પવિત્ર દિવસે માંગરોળના જલેબી હનુમાનજી દાદાના દર્શન માટે જઈ રહ્યા હતા. અકસ્માતની જાણ થતાં સ્થાનિક લોકોએ તાત્કાલિક મદદ કરી હતી. કારને ભારે નુકસાન થયું હોવા છતાં જાનહાનિ ટળતાં પરિવારજનો અને ભક્તોમાં રાહતની લાગણી જોવા મળી હતી. ઘટના બાદ અનેક ભાવિકોએ પોતાના ધાર્મિક વિશ્વાસ મુજબ આ સુરક્ષિત બચાવને જલેબી હનુમાનજી દાદાની કૃપા ગણાવી હતી.

### મોટી ફળોદ ગામમાં વીજ લાઈનના વાયરની ચોરી

બારડોલી: બારડોલીના મોટી ફળોદ ગામથી નગોડ ગામ તરફ જતી નહેરની બાજુમાં આવેલી ૧૧ કે.વી. વાઘેચા ખેતીવાડી વીજ લાઇનના થાંભલા પરથી ચોરો ૩૮ ગાળાના એલ્યુમિનિયમના વાયરની ચોરી કરી ગયા હતા. આશરે ૬૦૦ કિલો વજન ધરાવતા આ વાયરની કિંમત ૧,૨૦,૦૦૦ રૂપિયા હોવાનું અંદાજવામાં આવ્યું છે. આ ચોરીની ઘટના ગત ૨૭ જૂન, ૨૦૨૬ના રોજ સવારે ૧૧ વાગ્યા પહેલાના સમયગાળા દરમિયાન બની હતી, જે અંગેની જાણ ૧૦ જુલાઈના રોજ થતાં કડોદ પોલીસ આઉટ પોસ્ટ અને ત્યારબાદ બારડોલી રૂરલ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે. હાલ પોલીસે અજાણ્યા ચોર ઇસમો વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ બારડોલી રૂરલ પોલીસના પો.સ.ઇ. એન.આર.ઢોડિયા ચલાવી રહ્યા છે.

### તડકેશ્વરમાં વિદેશી દારૂ સાથે બે ઝડપાયા

માંડવી: અરેઠના તડકેશ્વર ખાતે દારૂ સાથે બે ઝડપાયા હતા. તડકેશ્વર પોલીસ મથકની ટીમ વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી. દરમિયાન બાતમી મળી હતી કે, સુઝુકી કંપનીનું એક્સેસ સ્કૂટર નં.(GJ-19-BN-7983) પર વિદેશી દારૂની હેરાફેરી થઈ રહી છે. બાતમીના આધારે પોલીસે તડકેશ્વર વિસ્તારમાં વોચ ગોઠવી હતી અને શંકાસ્પદ જણાતા ઉપરોક્ત સ્કૂટરને અટકાવ્યું હતું. તપાસ દરમિયાન સ્કૂટર પર સવાર વિશાલ સુરેશ વસાવા અને તેની પાછળ બેઠેલા મુકેશ ચંદુ વસાવાની સઘન પૂછપરછ કરતાં દારૂ મળી આવ્યો હતો. પોલીસે દારૂની બોટલો, હેરાફેરીમાં વપરાયેલું સ્કૂટર તથા આરોપીઓના કબજામાંથી મળી આવેલા મોબાઈલ ફોન જપ્ત કર્યા હતા. આ બનાવમાં તડકેશ્વર પોલીસે બંને આરોપી વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

# અકસ્માતમાં જીવ ગુમાવનાર આચાર્યના પરિવારને રૂપિયા 2.70 કરોડનું વળતર

**સુરત** જિલ્લાના ન્યાયિક ઇતિહાસમાં અત્યાર સુધીનું સૌથી મોટું આર્થિક સમાધાન

**બારડોલી** કોર્ટની પ્રશંસનીય કામગીરી

બારડોલી: રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તામંડળના ઉપક્રમે યોજાયેલી દ્વિતીય રાષ્ટ્રીય લોક અદાલતમાં બારડોલી કોર્ટે એક ઐતિહાસિક સફળતા મેળવી સુરત જિલ્લાના ન્યાયિક ઈતિહાસમાં નવો અધ્યાય લખ્યો છે. વડોદરા નજીક થયેલા એક માર્ગ અકસ્માતમાં જીવ ગુમાવનાર ઉમરાખ કોલેજના સ્વર્ગસ્થ પ્રિન્સિપાલ ભાવેશભાઈ મોદીના પરિવારને અકસ્માત વળતર પેટે 2 કરોડ 70 લાખ ચૂકવવાનો એક અભૂતપૂર્વ સમાધાનકારી નિર્ણય લેવામાં આવ્યો છે. લોક અદાલતના ઈતિહાસમાં સુરત જિલ્લામાં મંજૂર થયેલું આ અત્યાર સુધીનું સૌથી મોટું વળતર માનવામાં આવી રહ્યું છે.

આ ઐતિહાસિક ચુકાદા અંગે માહિતી આપતા ત્રીજા એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજ પી.ટી.રામે જણાવ્યું હતું કે, કોઈપણ પરિવાર માટે તેમના સભ્યની ખોટ ક્યારેય પૂરી થઈ શકતી નથી. પરંતુ ઘરના મુખ્ય આધાર સ્તંભના અવસાન બાદ પરિવાર પર આવી પડતી આર્થિક મુશ્કેલીઓ સામે આ વળતર ખૂબ જ મહત્ત્વનો અને મજબૂત સહારો સાબિત થશે. તેમણે આ નિર્ણયને સુરત જિલ્લાના ન્યાયિક ઈતિહાસ માટે ગૌરવરૂપ ગણાવ્યો હતો.

આ કેસને સફળતાપૂર્વક ઉકેલવામાં બંને પક્ષોના વકીલોએ સકારાત્મક અને પ્રશંસનીય અભિગમ દાખવ્યો હતો, જેમાં અરજદાર (પરિવાર) પક્ષ તરફથી એડ્વોકેટ વી.એસ.પટેલ અને બીપીનભાઈ મોદીએ ધારદાર રજૂઆતો કરી હતી. જ્યારે સામા પક્ષે આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડ વીમા કંપની તરફથી એડ્વોકેટ એસ.કે. દેસાઈએ સમાધાનની પ્રક્રિયામાં હકારાત્મક ભૂમિકા ભજવી હતી. બંને પક્ષની પરસ્પર સમજદારી અને સહકારને કારણે વર્ષો સુધી ચાલનારી કાનૂની પ્રક્રિયાનો આ લોક અદાલતમાં ખૂબ જ ટૂંકા સમયમાં સુખદ અંત આવ્યો છે.

## સંક્ષિપ્ત સમાચાર

### વેલાછાની જય શંકરદાદા હાઇસ્કૂલનું ધોરણ-12 બોર્ડમાં 100% પરિણામ આવતાં સન્માન



ઈબ્રાહીમ કાનુ

હથોડા: શ્રી વેલાછા વિભાગ કેળવણી મંડળ સંચાલિત જય શંકરદાદા હાઇસ્કૂલે ધોરણ-12 (સામાન્ય પ્રવાહ) ફેબ્રુઆરી/માર્ચ-2025ની બોર્ડ પરીક્ષામાં 100% પરિણામ મેળવી અદભૂત સિદ્ધિ હાંસલ કરી હતી. આ ગૌરવશાળી સફળતા બદલ સુરતના પાલ ખાતે સંજીવકુમાર ઓડિટોરિયમ ખાતે યોજાયેલા એક ખાસ સમારંભમાં શાળાનું જિલ્લા કક્ષાએ સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કેન્દ્રીય શિક્ષણ રાજ્ય મંત્રી જયંતભાઈ ચૌધરી, VNSGUના કુલપતિ કિશોરસિંહ ચાવડા, સુરત કમિશનર, ઉદ્યોગપતિ ગોવિંદભાઈ ધોળકિયા અને DEO ભગીરથસિંહ પરમાર જેવા મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. તેમના હસ્તે શાળાનાં આચાર્યા જિજ્ઞાશાબેન આર. વાંસદિયાને 'સન્માન પત્ર' એનાયત કરાયું હતું. કેળવણી મંડળના હોદ્દેદારો મહેન્દ્રસિંહ વશી, અશ્વિનસિંહ ઠાકોર અને વિમલકુમાર જૈને આચાર્યા, શિક્ષકો અને વિદ્યાર્થીઓને બિરદાવી ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. આ ઐતિહાસિક સિદ્ધિથી સમગ્ર વેલાછા પંથકમાં ભારે ખુશીનો માહોલ છે.

### માંડવી કોર્ટમાં રાષ્ટ્રીય લોક અદાલત: ૫૩૪ કેસનો સુખદ નિકાલ કરવામાં આવ્યો



હિતેશ પટેલ

માંડવી: માંડવી તાલુકા કાનૂની સેવા સમિતિ દ્વારા રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન કરાયું હતું, જેમાં ૧૨૪૭ પેન્ડિંગ કેસોમાંથી ૫૩૪ કેસોનો નિકાલ કરવામાં આવ્યો હતો. તાલુકા કાનૂની સેવા સમિતિના અધ્યક્ષ અને પ્રિન્સિપલ સિનિયર સિવિલ જજ મનીષ એમ. બુદ્ધભટ્ટીના હસ્તે લોક અદાલતનો શુભારંભ થયો હતો. આ સમાધાન કેસોમાં ૧૩૮ કેસોનો નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ (ચેક બાઉન્સ), ઘરેલું હિંસા, સિવિલ દાવા (રિકવરી) તથા ડી.જી.વી.સી.એલ.ના કેસોનો નિકાલ કરાયો હતો, જેમાં રૂ.૨૩,૧૬,૨૯૬ની રકમની વસૂલાત કરવામાં આવી હતી. જ્યારે સ્પેશિયલ સીટિંગ ૩૯૬ કેસો ફોજદારી અને અન્ય કેસોનો નિકાલ કરીને રૂ.૨,૫૩,૫૦૦ દંડ પેટે વસૂલવામાં આવી હતી. બેંકિંગ ક્ષેત્રના પ્રી-લિટિગેશન લોક અદાલતમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, બેંક ઓફ બરોડા, આઈ.ડી.બી. આઈ. બેંક, ગુજરાત ગ્રામીણ બેંક અને વિવિધ ફાઈનાન્સ કંપનીઓના ૨૦૧ કેસોમાં સમજૂતી કરી રૂ. ૨૪,૬૫,૯૬૯નો એવોર્ડ પસાર થયો હતો. આ સમગ્ર લોક અદાલતને સફળ બનાવવામાં વકીલમંડળના પ્રમુખ પ્રતાપ શર્મા, નાઝર સંદીપ પંચાલ, તમામ સ્ટાફ તથા સિનિયર-જુનિયર વકીલગણે મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

### કઠોર સિવિલ કોર્ટમાં લોક અદાલતમાં 1692 કેસનો સુખદ નિકાલ કરાયો

કામરેજ: તાલુકા કાનૂની સેવા સમિતિ કઠોર ખાતે યોજાયેલી દ્વિતીય રાષ્ટ્રીય લોકઅદાલતમાં વિવિધ બેન્કો, ડી.જી.વી.સી.એલ., ચેક રિટર્ન, ટ્રાફિક ચલણ સહિતના સમાધાનકારી વલણ અપનાવી કુલ 232 કેસમાં સમાધાન કરાવી રૂ.4,08,33,731ની રકમની રિકવરી કરવામાં આવી હતી. તેમજ સ્પેશિયલ સીટિંગમાં રૂ.8.5 લાખ ઉપરાતનો દંડ વસૂલવામાં આવ્યો હતો. ટ્રાફિકના ઈ-ચલણના કુલ 7903 કેસમાં રૂ.1,03,34,050નો દંડ વસૂલ કરવામાં આવ્યો હતો. આ લોક અદાલતમાં કુલ 1692 કેસનો નિકાલ કરવામાં આવ્યો હતો.

### વ્યાયામવીર છોટુભાઈ પુરાણીની ૧૪૧મી જન્મજયંતીની ઉજવણી કરાશે

રાજપીપળા: નર્મદામાં ક્રાંતિવીર, વ્યાયામવીર શ્રી છોટુભાઈ પુરાણીની ૧૪૧મી જન્મજયંતી નિમિત્તે ૧૩ જુલાઈએ રાજપીપળા અને એકતાનગર ખાતે વિવિધ ભવ્ય કાર્યક્રમો યોજાશે. રમતગમત મંત્રી જયરામભાઈ ગામીતની મુખ્ય ઉપસ્થિતિમાં યોજાનારા આ મહોત્સવમાં માલ્યા અર્પણ, પૂર્વ વિદ્યાર્થી મિલન, પુસ્તક વિમોચન અને કવિ સંમેલન યોજાશે. આ પ્રસંગે પ્રવીણકાંત શાહ લિખિત અને ડો.યોગેશકુમાર ભટ્ટ નિર્દેશિત 'જીવનગાથા છોટુભાઈ પુરાણીની' નાટક પણ પ્રસ્તુત કરવામાં આવશે.

### બારડોલીની બી.એ.બી.એસ. હાઈસ્કૂલમાં ઇનામ વિતરણ સમારોહ યોજાયો

બારડોલી: બારડોલી એજ્યુકેશન સોસાયટી સંચાલિત બી.એ.બી.એસ. હાઈસ્કૂલમાં ધો.9 અને 11ના વિદ્યાર્થીઓ માટે ઇનામ વિતરણ સમારોહ યોજાયો હતો. આચાર્યા ચેતનાબેન અધેરાના અધ્યક્ષ સ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં વાર્ષિક પરીક્ષાના વિજેતાઓ તેમજ ગણિત-વિજ્ઞાન પ્રદર્શન, કલા મહાકુંભ અને કલા ઉત્સવ જેવી વિવિધ સ્પર્ધાઓમાં શાળાથી રાજ્ય કક્ષાએ સિદ્ધિ મેળવનારા તેજસ્વી વિદ્યાર્થીઓને કુલ 52 ટ્રોફી એનાયત કરી સન્માનિત કરાયા હતા. કાર્યક્રમની શરૂઆત નરેશભાઈ પટેલે ધ્યાન અને પ્રાર્થનાથી કરાવી હતી, જ્યારે સંચાલન કલ્પનાબેન પ્રજાપતિ અને મુકેશભાઈ દુબેએ કર્યું હતું. સુપરવાઇઝર રેખાબેન પટેલે પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું.

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

નોકરી વિષયક

**જોઈએ છે**
નામાંકિત ફાઈનાન્સ કંપની માટે જોડાઈ શકે એવા ઉત્સાહી વ્યક્તિ. સંપર્ક કરો. KRUTIK DESAI 9408090363

**દુકાન માટે**
ઉત્સાહી છોકરી (FEMALE) જોઈએ છે. પાર્ટ/ ફુલ ટાઈમ (કોમ્પ્યુટર જાણકાર) શોભન ઈલેક્ટ્રીકલ્સ ગંગેશ્વર મહાદેવ રોડ અડાજણ. ફોન કરવાનો સમય- 11 થી 7. 9904064499

**વાપી ઝંડા ચોક**
વિસ્તારમાં કાપડની દુકાન પૂજા ટ્રેડિંગ કંપની માટે સેલ્સમેન જોઈએ છે. MO. 6353155112

વ્યવસાયીક ધંધાકીય

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**વુલન સ્વેટર,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

**ભાડેથી જગ્યા આપવાની છે**
રોડ નં.-2, સચીન GIDC,માં.
5000 સ્કે. ફીટ, ગ્રાઉન્ડ ફ્લોર, 5000 સ્કે. ફીટ, પહેલો માળ, ગારમેન્ટ ઇન્ડસ્ટ્રીઝ અને ડિજીટલ પ્રિન્ટીંગ માટે પણ ઉપયોગી.
દલાલોએ તસ્દી લેવી
96241 07000

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184.

**કબૂતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**પ્લોટ ફાયદાથી વેચવાનો છે**
આત્મીયવિલા સોસાયટી, કામરેજ
Mo.9925024239

**''મફત કાનુની સહાય''**
''કોર્ટ કચેરી વિના નિઃશુલ્ક સમસ્યાનું સમાધાન મેળવો.'' અખિલ હિંદ મહિલા પરિષદ સુરત શાખા મો. નં ૯૪૦૯૪-૮૨૬૬૩ (205)

**હિંચકાના કડાં**
તોડફોડ વગર અમેરીકન ટેકનોલોજીથી ગેરેન્ટડ ફીટીંગ- 8460222292, 8460222282

**રેમન્ડ 3 પેન્ટપીસ**
માત્ર રૂ.1500/- આલીશાન,ભવાનીવડ, હરીપુરા, સુરત.

**જોઇએ છે**
આર. એમ. ઓ. (લેડી)
ગાયનેકના અનુભવીને પ્રેફરન્સ
સિસ્ટર - 2
એ.એન.એમ./જી.એન.એમ./અનુભવી
આયા માસી - 2
ભક્તિ હોસ્પિટલ, ઉધના ગામ સુરત.
9727711567

**સુરત ઘોડદોડ રોડ**
પર પેઈન ગેસ્ટમાં રહેવા જેન્ટ્સ મળો, એસી, જમવાનું, ચા, નાસ્તાની સુંદર સગવડ, 9978867220

**રિનોવેશન, જૂનું મકાન**
તોડી નવું મકાન, પ્લાસ્ટર, કલર, દરેક ભેજ દિવાલ, ટાંકી, વોટર પ્રૂફિંગ, દરેક પ્રકારનું મકાનના ચણતર કામો વ્યાજબી ભાવે કરી આપીશું, 9978867220

મિલ્કત વેચવાની છે

**સુરત ડાયમંડ બુર્સ**
ઓફિસ વેચવાની છે. MO. 9687580001

**10x30** દુકાનો ભાડેથી આપવાની છે
**90x110** ફુટનો શેડ ભાડેથી આપવાનો છે
દલાલોએ તસ્દી લેવી
જય રાધે ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ (સચીન)
96241 07000

**વેચવાની છે**
જમીન સોલાર લાયક (93 વિંઘા) ગામ : કાળા વ્યારા, કણજા Mo: 9687580001

**તાકીદે વેચવાનું**
છે 92 વારનું મકાન આનંદ મહાલ રોડ આકર્ષક કિંમત મો 8460227144

**વેચવાનો છે**
ખુલ્લો પ્લોટ, કિમ, નવાપુરા પાટિયા પાસે, Mo: 9157944994

**અરજન્ટ**
ફુલી ફર્નિસ ફ્લેટ વેચવાનો છે. 1405 Sq.ft ગેલેક્ષી એન્કલેવ જલારામ મંદિરની સામે, ગ્રીન સીટી રોડ પાલ સુરત. M- 9825092156 (206)

**પાલમાં ઓફીસ તથા દુકાન વેચાણથી આપવાની છે.**
380ચો. ફુટ સુપર બિલ્ટઅપ એરિયા, પહેલા માળે, ગેલેક્ષી સર્કલ પાસે
460ચો. ફુટ સુપર બિલ્ટઅપ એરિયા, ગ્રાઉન્ડ ફ્લોર, નિસલ સર્કલ પાસે
9712979399

**ખેડૂત બની શકે**
તેવો નાનો ટુકડો (જમીન) વેચવી છે વાંઝણા ગામ, ખારેલ ચોકડી નજીક, ચીખલી પાસે, 7/12 વાળા, 9763718010, 9374718010

**પ્લોટ વેચવાનો છે**
કીમ, કુરસદ, નેશનલ હાઈવે 8થી અડધો કિલોમીટર અંદર, અમૃત ઈન્ડસ્ટ્રીઝ, સ્વામીનારાયણ મંદિર પાછળ, 1550- વાર, 9427811344, 9879913894

**જમીન વેચવાની છે**
ભરૂચ-વડોદરા જિલ્લામાં જમીન વેચાણ કેમિકલ ઝોન, રેડઝોન, ફાર્મા, તથા બલ્ક ડ્રગ લાયક જમીન
1500000/- લાખ SqFt.
Rs. 130/- Per SqFt.
N.A. NOC. ECP
ચેનલ સાથે બ્રોકર
9408437720

**જહાંગીરપુરા**
સંકલ્પ રો હાઉસમાં ઘર વેચવાનું. 9601662923

**અડાજણમાં**
પોષ લોકેશનમાં મહીને બે લાખ આવક આપતી દુકાન વેચવાની 700 સુપર બીલ્ડઅપ 1.75 CR. 91576-22115

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**ક્ષેત્રપાળ ટૂર્સ**
(ચોક્કસ ઉપડશે. સ્લીપર બસ દ્વારા) (પાંચ જ્યોતિર્લિંગ, અષ્ટવિનાયક 04-08, 05-09, 27-09) (કલકતા , ગંગાસાગર, જગન્નાથપુરી 10-09, 12-11)(કોલ્હાપુર, મહાલક્ષ્મી, ગોવા, ગણપતિપુલે, મહાબળેશ્વર 27-09) (હૈદરાબાદ, મલ્લિકાર્જુન, રામેશ્વર, તિરૂપતિ 15-08) (ફક્ત હૈદરાબાદ, શ્રીશૈલમ 10-09) (નેપાળ, પોખરા, કાઠમંડુ, વારાણસી 06-09, 13-11) (અયોધ્યા, વારાણસી, બૌધગયા, બૈજનાથ, ઝારખંડ 26-09) (સ્પેશિયલ કેરાલા 05-11, 11-11, 14-11) (દિવાળી વેકેશન બુકિંગ ચાલુ) સુરેશભાઈ પુરોહિત. 9825105053.

**સ્વપ્ન ટ્રાવેલ્સ**
રેલ્વે દ્વારા (1) ચારધામ યાત્રા, બદ્રીનાથ, કેદારનાથ, યન્મૌત્રી, ગંગૌત્રી, સાથે હરિદ્વાર, ચોક્કસ ઉપડશે. તારીખ- 15/8, 9/9, 22/9, 6/10 (2) દક્ષિણ ભારત, શ્રીશૈલમ જ્યોતિંલીગ, હૈદ્રાબાદ, તિરૂપતિ, રામેશ્વર, ઉંટી, માયસોર, વિગેરે. તારીખ- 15/9, દિવસ- 12. (3) જગન્નાથપુરી, કલકત્તા, ગંગાસાગર, કામાખ્યાદેવી. તારીખ- 25/9, દિવસ- 11 (4) બનારસ, અયોધ્યા, નેપાળ, પ્રયાગરાજ. તારીખ- 25/9, દિવસ- 10. દરેક પ્રવાસો સંપૂર્ણ સગવડતા સહિત, મળો: દિપકભાઈ- 9825144143, કિશનભાઈ- 9898700934. નોંધ- દિવાળી પ્રવાસોનું બુકીંગ શરૂ થઈ ગયું છે.

*અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.*